# ગઢડા સાહિત્ય અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં

કાળુભાઈ જી. સરવૈયા
ઈતિહાસ ભવન,
Ph.D. શોધછાત્ર

ગઢડા એ ભૌગોલિક દષ્ટિએ ભાવનગરથી ૯૦ કિ.મી. અંતરે પશ્ચિમ દિશાએ આવેલ છે. તે ૨૧°–૫૮° ઉત્તર અક્ષાંશ અંશ અને ૭૧°– ૭૪° પૂર્વ રેખાંશ ઉપર આવેલ છે.[૧] ગઢડાના આજુબાજુના વિસ્તારોમાં નાના–મોટા પથ્થરોનાં ડુંગરો અને ડુંગરાળ પ્રદેશ આવેલો છે. વળી તે તાલુકાનું મુખ્ય મથક છે. ગઢડા ગામમાં સ્વામિનારાયણ સંપ્રદાયના બે મંદિરો આવેલાં છે. જેમાં એક ગોપીનાથજી દેવ મંદિર અને બીજું અક્ષર પુરુષોત્તમ મંદિર આવેલ છે અને તે શ્રીસ્વામિનારાયણ ભગવાનની કર્મભૂમિ છે.[૨]

ગઢડા ગામનું તોરણ ઈ.સ. ૧૬૭૪માં કાર્તિક સુદ ૨ ને રવિવારે ભાઈબીજના પવિત્ર દિવસે બંધાયું હતું. રોહીશાળ પાસેના ગામ હાડિકાના કાઢિ દરબાર ભોકા ખાચર હાડિકા છોડીને ઈ.સ. ૧૬૭૩માં ગામ ન હતું, પરંતુ ઘેલાનદીના સામાકાંઠે ભરવાડોના નેસડા હતા. ત્યાં ગાંદડજી શાખાના ભોકા ખાચરના બે પૌત્રો જીવા દાના અને ઉનડ દાનાએ ગઢડા વસાવ્યું હોય તેમ જણાય છે અને તેજ વર્ષે ઈ.સ.૧૬૭૪માં હિન્દુ રાષ્ટ્રનું ઉત્થાન કરનાર અને ભગવા ઝંડાને ફરકાવનાર શિવાજી મહારાજના રાજ્યાભિષેકનું વર્ષ હતું. ગઢડામાં હાલ જ્યાં દાતારની ધાર આવેલી છે. ત્યાં પહેલા ગઢ હતો તે જૂનાગઢના રા' રાજવીના કુંવર રા' કાનના તાબે હતું. તે ઉનડ ખાચરે જીતી લીધું અને ગામ વસાવ્યું તેવો ઉલ્લેખ જોવા મળે છે.[૩]

ગઢડા ગામની સ્થાપના પછી ઈ.સ.૧૮૦૪માં માગશર વદ પડવાને દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણ કરિયાણાથી કારિયાણી જતાં વચ્ચે ગઢડા ગામના પાદર ઘેલા નદીના કાંઠે ટેકરા ઉપર દાતારની ધાર છે (જ્યાં અક્ષર પુરુષોત્તમ મંદિર છે.) ત્યાં સૌપ્રથમ શ્રી સહજાનંદ સ્વામિએ પગલાં કરેલાં અને તે સમયે ગામના માલિક જીવા ખાચરે તેમના દર્શન કર્યાં હતા. તે જ દિવસે શ્રી સહજાનંદસ્વામિએ સૌપ્રથમવાર ઘેલા નદીમાં સ્નાન કરીને ઘેલાનદીને પવિત્ર ઉન્મત્ત ગંગા સ્વરૂપ મહાતીર્થનું સર્જન કરેલું અને શ્રીજી મહારાજના ગઢડા ગામમાં પ્રથમ પગલા થયા હતા. ત્યાર પછી ઈ.સ.૧૮૦૬ ના મહાસુદ એકાદશીના દિવસે કારિયાણીથી ગઢડા ગામમાં કાયમી વસવાટ માટે શ્રી મહારાજ પધાર્યા હતા. ગઢડા ગામના માલિક જીવા ખાચરના દરબાર ગઢમાં સંતો સાથે નિવાસ કર્યો હતો. થોડા સમય પછી અંભલ ખાચરના દરબારમાં અક્ષર ઓરડીમાં કાયમી વસવાટ કર્યો હતો.[૪] સંવત ૧૮૮૬ જેઠ સુદ ૧૦ બુધવારે તા.૧–૬–૧૮૩૦ ના પોતાની ઈચ્છાએ ગઢપુર મુકામે પોતાના અક્ષરધામમાં મોક્ષધામ પામ્યા.[૫]

## સાહિત્ય

સાહિત્ય તે સમાજનું દર્પણ છે. અહીં ગુજરાતી કવિનું બિરુંદ પામેલા જૂનાગઢના નરસિંહ મહેતા એ જાણે કે સૌરાષ્ટ્રના સાહિત્યક પ્રદાનનું પ્રસ્થાન બિંદુ છે. તેવી જ રીતે ગઢડા તાલુકાના ઢસા પાસે આવેલા સમઢિયાળા ગામના કવટિક ગંગા સતી

હતા, તેમણે પોતાની પુત્રવધૂ પાનબાઈને ઉદ્દેશીને લખેલા પદો ગામઠી ઉપનિષદો તરીકે ઓળખાય છે. તે પદો સૌરાષ્ટ્રની ભજનમંડળીઓમાં અતિપ્રિય છે જેમ કે,

મેરું તો ડગે પણ જેનાં મનડા ડગે નૈ પાનબાઈ
ભલેને ભાંગી પડે ભરમાંડ રે... [૬]

૧૯મી સદીના પ્રારંભે સૌરાષ્ટ્રના આદ્ય સુધારક એવા સહજાનંદ સ્વામીએ સાહિત્યક રચનાઓ દ્વારા પણ પ્રજામાં સદાચાર વિકસાવવામાં અને તેમને સંસ્કારવામાં મહત્ત્યવનો ફાળો આપ્યો હતો. 'શિક્ષાપત્રી' અને વચનામૃતો તેમની મહત્ત્યવની રચનાઓ છે. વળી સ્વામિનારાયણ સંપ્રદાયના સંત મુકતતાનંદ સ્વામી 'સત્સંગની'માં તરીકે ઓળખવા, ઉદ્ધવગીતા, સતીગીતા, ધર્માખ્યાન, વિવેકચિંતામણિ, સત્સંગશિરોમણિ, મુકુંદબાવની ગુરુ ચોવીસી, રુક્મિણિવિવાહ વગેરે તેમની મુખ્ય કૃતિઓ છે.[૭] ભગવાન શ્રી સ્વામિનારાયણી કર્મભૂમિ ગઢપુરમાં શ્રીજી મહારાજના વહાલા ભકતતરાજ શ્રી દાદાબાપુ ખાચર સાહિત્યના મર્મજ્ઞ તરીકે લોકસાહિત્ય દ્વારા સાહિત્યકારો તેમના નિવાસસ્થાને અવરજવર રહેતી હતી. અદ્‌ભુત ભકિતતરસથી ભરપુર દુહાઓની રચના કરી છે. તે પૈકી સાચા ભકતતનો સમર્પિત ભાવ દર્શાવતાં અને સાહિત્ય રસિકોમાં લોકપ્રિય બનેલા ''૧૦૮ શામળા સ્મરણો'' દુહાઓ લખ્યા છે જેમ કે,

ભુદર જતો ભણવા, તેદી ઠાકર હતો બહુજ ઠોઠ;
તારી નટવર લખતો નોટ, ઈહું સુદામો શામળા.
ગઢપુર ગઢ તારું ગણયું, મારી અંતર પુરી આશા,
તેદી હું દાદો ખાચર દાસ, અને તું સેજાનંદ શામળા.[૮]

શ્રી આર.જે. એસ. હાઈસ્કૂલ ઢસાના નિવૃત્ત શિક્ષક શ્રી મનોહરભાઈ બી. ત્રિવેદીએ 'કવિતાઓ, 'ગઝલવિશ્વ', 'કાવ્યસંગ્રહ', 'ફૂલની નૌકાલય', 'મિત્વ ગજલ', 'ચુટી મુટી' 'વીજકાવ્ય સંગ્રહ', 'આપોઆપ' વિરાટ તેમના કાવ્ય સંગ્રહો છે. 'રાજવા'માં ગામ', 'નાતો વાર્તાસંગ્રહ', 'બાળ સાહિત્ય', 'કાચનો કુંડો તેલની ધાર', 'સાહિત્ય સર્જન' વગેરે વાર્તાસંગ્રહો છે. જેમાંથી 'ચુટ્ટી મુટી વીજ' ને ગુજરાતી સાહિત્ય અકાદમી તથા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા એવોર્ડ આપવામાં આવેલ છે, તથા ઘરવખરી નિબંધસંગ્રહને ગુજરાતી સાહિત્ય અકાદમીનો એવોર્ડ આપવામાં આવ્યો છે. બીજો 'બાલ સાહિત્ય'ને ગુજરાતી સાહિત્ય પરિષદ તથા અકાદમીનો એવોર્ડ મળેલ છે.[૯] રિયાઝ દામાણી પણ સારી એવી ગઝલ લખે છે. તેમની માસિકોમાં, સાપ્તાહિકોમાં કવિ, કાવ્યસૃષ્ટિ દ્વૈમાસિક, 'ગઝલ વિશ્વ', 'ધબક', ત્રિમાસિક 'તમન્ના' જેવી ગઝલો તથા ગીતો પણ લખે છે.[૧૦] વ્યુહન વ્યાસની ગઝલો અને ગીતો તથા પાર્શદ પઢિયારના ગીતો, ભજનો અને ગઝલો, ભૂપતભાઈ રાવળ અને પુંજાભાઈ પરમારે નવલકથાઓ અને વાર્તાઓ તેમની પ્રગટ થયેલી છે તેમજ હરિભાઈ તયોધન અને પૂજાભાઈ તપોધન એ બંને સારા વાર્તાકારો છે. 'તલક સાયડો' એ તેમની વાર્તા પ્રગટ થયેલી છે.

શ્રી કવીશ્વર મણિશંકર ગોવિંદજી ત્રિવેદી ગઢડા મહાલમાં વહીવટી ગઢડા મહાલમાં વહીવટી કચેરીમાં ટ્રેજરર તરીકે સેવા આપતા હતાં છતાં પણ, તેમનો જીવ કવિનો હતો. નાનપણથી જ ધર્મ અધ્યાત્મ અને ઐતિહાસિક કવિતાઓ રચવાનો એમનો શોખ હતો. તેઓ ગાયત્રીના પ્રખર ઉપાસક હતા. તેઓ ભાવનગર રાજ્યના દીવાન પ્રભાશંકર પટણી સાહેબથી પ્રભાવિત થઈ તેમણે 'પટણી પ્રશસ્તિ' કાવ્યની રચનાકરી પુસ્તક પ્રગટ કર્યું હતું. શ્રી કમલ લહેરીનું ભાવનગર નામદાર મહારાજા શ્રી

કૃષ્ણકુમારસિંહજીના રાજ્યારોહણના શુભ પ્રસંગે 'કૃષ્ણશકાવ્ય' અને ઈ.સ.૧૯૩૪માં વીર ભટ્ટવિલાસ પુસ્તકની રચના કરી પ્રગટ કર્યું; તેમજ ૫ વર્ષનો વરસાદનો વરતારો નામનું પુસ્તક પ્રગટ કરેલું જે ખૂબ જ પ્રસિદ્ધિ પામેલ. '૫૧ વર્ષનો વરસાદનો વરતારો' નામનું પુસ્તક પણ ખૂબ પ્રસિદ્ધિ પામેલ છે. કમલ લહેરીએ ૧૯૪૭માં ગાંધીજી પર 'ગાંધીજીનું વામનપુરાણ' નામનું પુસ્તક પ્રગટ કરેલ ત્યારે કેટલાંક મહાનુભાવોએ તેમનાં મંતવ્યોથી આભાર વ્યકતત કરેલ. ઉછંગરાય ઢેબર મુખ્યમંત્રીશ્રી સૌરાષ્ટ્ર રાજ્ય ૧૧–૩–૧૯૪૮ અને સરદાર વલ્લભભાઈ પટેલે ૨–૧–૧૯૪૯, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી તથા નટવરલાલ મા, સુરતી નાયબ દીવાન ભાવનગર રાજ્યે આભાર વ્યકતત કરેલ. ગણપતિ શરણ, પ્રગટ સૂર્યદેવની પ્રાર્થના, મહાકાળી માતાનું ભાવાષ્ટક કાવ્ય, નારાયણ છંદ, દુહા, છંદ, ઝૂલણાછંદ, વસંતતિલકા છંદ વગેરે છે.[૧૧]

શ્રી મુળજીભાઈ પંજવાણી સાહેબે 'વાઢપુર મહાત્મા' અને 'દુર્ગાપુર મહાત્મા' અક્ષર મુકતત ભકતતરાજ દરબાર શ્રી દાદ ખાચરનું 'જીવન ચરિત્ર' લખ્યું હતું. શાસ્ત્રી શ્રી જનકભાઈ કે ભટ્ટનું 'આત્મ અનુભવ અને પ્રભુ દર્શન',માતા ગીતાનું પયપાન,'ગઢડા ગોપીનાથજી પ્રગટલીલા ઉત્સવો', તેમજ સારા વકતતા પણ હતા. જબરદાનભાઈ એ ચારણી સાહિત્ય ઉપર ઘણાં લખાણો લખ્યાં છે ચારણ કવિ આકડિયાના શકિતતદાન ગઢવી ઉર્ફે નારાયણ સ્વામી પ્રખર ભજનિક સંત્ જેમણે સૂફી સંતનાં ભજનોથી વિશ્વવિખ્યાત ખ્યાતી મેળવી છે. મોટાભાઈ મેમણ ગઢડાવાળા લોકસાહિત્યના ઊર્મિનવરચનાઓ લખી છે. કણબી પરિવારમાં સાધારણ સ્થિતિમાં ઉછરેલી સ્વ. જાદવભાઈ ધામેલિયાએ 'શંકર પાર્વતીની મોજડી'ને સાહિત્યક્ષેત્રે રસિક શૈલીમાં ગુંજતી કરી 'માંજડી' ઉપનામ પ્રાપ્ત કર્યું પોતાની કોઠાસૂઝથી સામાજિક વાતોને ડહાપણપૂર્વક રજૂ કરી તળપદી ભાષામાં સમાજ ઉપર પ્રહારો કરી કુશળ તબીબ જેમ કડવી ગોળી પાવાનું કાર્ય રમૂજ સાથે જાદવબાપાએ આદરેલું તેમના નિધન પછી તેમના નાનાપુત્ર સુખદેવ ધામેલિયાએ તેમની પ્રવૃત્તિઓ સંભાળેલી જેમણે ગુજરાતમાં સૌપ્રથમ 'હાસ્યકથા' કરીને ઈ ટીવી ગુજરાતીમાં 'વા ભઈ વા', 'સતે પે સત્તા' અટપટા સવાલો વગેરે દૂરદર્શન પર 'ગમ્મત ગુલાલ', ઝી ગુજરાતીમાં 'હસગુલ્લા' વગેરે તેમના કાર્યક્રમો દ્વારા કાઠિયાવાડી ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરી છે.[૧૨]

નાટ્યકળા

સૌરાષ્ટ્રમાં નાટયકળા પ્રાચીનકાળથી પ્રચલિત હતી. રામાયણનાં પાત્રોવાળી રામલીલા અને કૃષ્ણની લીલા દર્શાવતી રાસલીલા સૌરાષ્ટ્રના ગામડે ગામડે ભજવાતી હતી. તે નાટ્યકળાનું પ્રાચીન સ્વરૂપ હતું. પછીથી મધ્યકાળમાં ભવાઈના વેશ પણ નાટકનો એક પ્રકાર હતો જે ગ્રામ્ય સમાજમાં વધુ પ્રચલિત હતો. ગુજરાતી રંગભૂમિનો પ્રારંભ તો ઓગણીસમી સદીમાં ઈ.સ.૧૮૫૩માં થયો હતો.[૧૩] ઢસા ગામમાં ચંદુભાઈ જોષીના નેજા હેઠળ ભવાઈ મંડળીઓ ચાલતી હતી. જેમ 'શેઠ સગાળસા', 'અભિમન્યુનો ચકરાવો', 'રાજા ભરથરી' વગેરે જેવાં સારાં નાટકો ભજવાતાં હતાં. ૧૯૪૫માં નાટક પર સન્નિવેશક્ષેત્રે શ્રીગણેશ કરનાર નારણભાઈના જન્મ તપોભૂમિ પણ ગઢડા હતી. તેઓ લોકનાટ્ય સંઘમાં ડિઝાઈનર, ચિત્રકાર, સુથારીકામએ ત્રિવેણી સંગમના કારણે આજ સુધીમાં આશરે ૨૫૦ નાટકો અને બેલેના સેટ્સ બનાવવાની તકો મેળવી શકયા છે. તેમનાં મહત્ત્યવનાં સેટ્સ વિવિધ નાટકોમાંના 'સ્નેહનાં ઝેર', 'સોના વાટકડી', 'વૈજની', 'વંસુધરાનાં વ્હાલાં દવલા', 'સ્નેહ મંદિર', 'સુવર્ણયુગ', મહમંદ તુઘલક, 'કવિ દયારામ' વગેરે તૈયાર કરેલા છે.[૧૪]

ગુજરાતી નાટક મંડળીઓનું વિષયવસ્તુ ધાર્મિક, પૌરાણિક, સામાજિક અને ઐતિહાસિક નાટકો ભજવતી હતી. આ નાટકો ભજવવા માટે સૌરાષ્ટ્રમાં થિયેટરો બાંધવામાં આવ્યાં હતાં. જ્યારે થિયેટરોમાં ચલચિત્રોનું આગમન થયું ન હતું ત્યારે આવાં નાટકો ભજવાતાં હતાં.[૧૫] જૂની રંગભૂમિના દેશી નાટક સમાજ સાથે કામ કરી તેના નાટકોના સેટ્સ બનાવેલા જેમાં 'સાસુના વાંકે', 'સ્નેહ મંદિર', 'સૂરજની આંખે', 'સુવર્ણયુગ', 'માડીના જાયા', 'પરભવની પ્રાત' INT ના નાટકોના સેટ્સ તેઓ બનાવતાં, ઉપરાંત 'ઈપ્ટા', 'ભારતીય વિદ્યાભવન' નાટ્યસભા','ઈશાવાસ્યમ્' વગેરે સંસ્થાઓમાં પોતાની કુશળતા પ્રદર્શિત કરેલી. ઈ.સ.૧૯૭૮માં ગુજરાતી રંગભૂમિની સવાશતાબ્દીની ઊજવણી સમયે રંગભૂમિના ઇતિહાસનું પ્રદર્શન તૈયાર કરવાનું કામ ગુજરાત સરકારે તેમને સોંપ્યું હતું. તેમણે છ મહિના કામ કરીને આ પ્રદર્શન અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ, રાજકોટ, ગઢડા વગેરે જુદા જુદા શહેરોમાં રજૂ કરીને ખૂબ જ સફળતા મેળવી હતી. તેમની વિવિધ કલા સાધનાની યશસ્વી કામગીરીની કદરરૂપે મહાન વિભૂતિઓના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.[૧૬]

### હુન્નરકલા અને લોકકલાઓ

ગ્રામ્ય વિસ્તારની લોકનારીઓએ કેટલીક લોકકલાને વિકસાવી હતી. બહેનો કાપડામાં ભરત ભરતા હાથભરત અને તેમાં ખાસ કરીને ચાણિયા, ઓઢણી, કાપડા વગેરેમાં સતારા, આભલા, બાવળિયા, સાદું ભરત, તોરણ, ચાકળા, તકિયા વગેરે છે. આ ઉપરાંત ઈંઢોણી ઓશિકાના કવર, ઓછાડ, થેલી, બળદના ઝૂલો, ઘોડાની ઝૂલો વગેરે ભરત જોવા મળે છે. કાઠી કોમનાં ભરતમાં સૂર્યસ્થાપન તો હોય જ અને ચાકળા આ ભરત કામના પણ પ્રસિદ્ધ નમૂના છે, તેમજ મોતીકામમાં ખૂબ જ નિષ્ણાંત છે. આજે પણ ઈંઢોણી, નાળિયેર, કંકાવટી, કેઠ કોથળી, તલવારના મ્યાન વગેરે મોતીકામ થાય છે. આજે પણ ગામડાઓમાં દેવીપૂજક લોકો પાણીમાં ઉગતી પાઈન ના પાનમાંથી ઈંઢોણી, સંથિયા, સાવરણી વગેરે ગૂંથીને બનાવે છે, તેમજ વાસમાંથી સુડંલાઓ બનાવે છે. અત્યારે મોતીમાં વલમોતી, સાદામોતી તેમજ એકદમ ચીવટપૂર્વક સુતરના દોરાથી વિવિધ વેલની ડિઝાઈનવાળું ભરત, વોલબ્રરી, સતારી, ધારાવડી, ચોકડી દોરી કાઢીને તેમજ કાશ્મીરી ભરત બનાવવામાં આવે છે. ભારતસરકારના વસ્ત્ર મંત્રાલય શેરા (N.I.F.T.) નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ફેશન ટેક્નોલોજી ગાંધીનગર દ્વારા ગામડાની બહેનો, માટે હોમ એમ્બ્રોડરીની કામગીરી શિખવવા માટેના કલાસો શરૂ કરવામાં આવ્યા છે અને તેમાં વિવિધ પ્રકારનું સાડીનું ભરતકામ, તેમજ અલગ–અલગ ડિઝાઈનવાળા ભરતો શિખવવામાં આવે છે.

### સંગીતકલા

સંગીતકારો વર્ષોથી લોક મનોરંજન માટે સંગીત સાંભળતા હોય છે. ગઢડામાં તબલાવાદક બાબુભાઈ પરમાર, રાવણહથ્થો વગાડવામાં ડાયાભાઈ ભટ્ટ, નિવૃત્ત શિક્ષિકાબેન શ્રી બિલાબહેન પોપટભાઈ હારમોનિયમ વગાડવામાં સારી નામના મેળવેલ છે. પ્રતાપભાઈ તેજાભાઈ બારોટે વાયોલીન વગાડવામાં અને સ્ટુડિયો કલાકારમાં પ્રખ્યાતિ મેળવેલ છે. બેન્જો માસ્ટર ભરતભાઈ પ્રભુદાસભાઈ આચાર્ય અને પ્રકાશભાઈ દાનાભાઈ રાઠોડનાં નામ મોખરે રહે છે. ઓર્ગનવાદકમાં પ્રકાશભાઈ રાઠોડ અને મંઝીરાવાદકમાં જમનાદાસ અને ઘુઘાભાઈએ નામના મેળવી તેમજ ભાર્ગવભાઈ તથા નિકુંજભાઈ જોષીએ ફિલ્મગીતોના કલાકારો છે.[૧૪]

ચિત્રકલા

સૌરાષ્ટ્રમાં ગામડાંઓ તથા શહેરોમાં મકાનો, મંદિરો કે રાજમહેલોની ભીંતો ઉપર ભીંતચિત્રો દોરવામાં આવતાં હતાં. ૧૯ મી સદીમાં સ્વામિનારાયણ સંપ્રદાયના ગઢડાના મંદિરમાં પણ તેમના ભકતત સલાટો અને ચિત્રકારોએ ભકિતતભાવથી ચિત્રાંકન કરેલું છે. મંદિરોના ઘુમ્મટોમાં રામલીલા, દાણલીલા, લોકજીવનના પ્રસંગો ચિત્રિત કરાયેલા છે. માણકી ઘોડી ઉપર બેઠેલા સ્વામી સહજાનંદ સ્વામીનું આલેખન પ્રણવકાળી છે. ગઢડાના દયાળભાઈ પટેલ ગ્રામ્ય પ્રકારના ચિત્રોના કુદરતી પ્રકૃતિને લગતા અને પ્રાણીઓનાં ચિત્રો બનાવે છે, તેમણે ૧૯૭૨માં ગુજરાત રાજ્યના યુવક મહોત્સવમાં ઊંટ અને તેના ઉપરના અશ્વારોહનું ચિત્ર બનાવેલ, ત્યારે ઈંદુમતી ચિમનલાલ શેઠ (શિક્ષણમંત્રી)ના હસ્તે સન્માન મેળવેલ. તેમના પેનથી દોરેલા ગ્રામ્ય વિસ્તારના પ્રસંગોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલાં તે ચિત્રો ડિસેમ્બર ૨૦૧૦માં અમદાવાદ II.A.M દ્વારા પ્રદર્શન તેમજ સુરતમાં ડિસેમ્બર ૨૦૧૧માં રોટરી આર્ટ ગેલેરી નાનપુરામાં તથા માર્ચ ૨૦૧૧માં ભાવનગર પટેલ સ્નાતક મિત્રમંડળના નેજા હેઠળ પ્રદર્શન મૂકેલ છે.

ગઢડાનાં ફતેહસિંહ વાળા એ સ્વામિનારાયણ સંપ્રદાયનાં અને ધાર્મિક તમામ ચિત્રો બનાવે છે. તેમને ૧૯૦૬–૬૭માં ઈન્ટરનેશનલ એવોર્ડ રશિયામાં યુનેસ્કો દ્વારા નહેરુ પારિતોષિક મળેલ છે. તેમજ ઐતિહાસિક ચિત્રોમાં 'ગઢઆલા સિંહ ગેલા શિવાજી મહારાજના ચિત્ર'માં નેશનલ લેવલનો એવોર્ડ અમદાવાદ અને મુંબઈમાં યોજાયેલ આર્ટ ગેલેરીના પ્રદર્શનમાં મળેલ છે. ગાંધીનગર અક્ષરધામમાં શ્રીજી મહારાજ લીંમડા નીચે સંતો અને હરિભકતતોની સભાનું ચિત્ર બનાવેલ છે તે રિયાલિટીક અને હિસ્ટોરિકલ ચિત્ર છે. તેઓ ઉત્સવો અને મહોત્સવના પ્લાનિંગ પણ તૈયાર કરે છે. તેમના પાસેથી રિયાલિટિક ચિત્રશૈલી ઘણાં લોકો શિખ્યા છે.[૧૫] ઐતિહાસિક અને ધાર્મિક દષ્ટિએ ગઢડા એ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કર્મભૂમિ છે. ગઢડામાં શ્રી ગોપીનાથજી દેવમંદિર અને અક્ષરપુરુષોત્તમ ત્રણ શિખરનું ભવ્ય મંદિર છે. ઘેલા નદીના કાઠાં પર શ્રી નિલકંઠ મહાદેવ મંદિર, ગઢડા રામજી મંદિર, શ્રીલક્ષ્મીવાડી મંદિર, શ્રી મોટીબા સ્મૃતિ મંદિર અને શ્રી રાઘાવાવ સિદ્ધહનુમાનજી સત્વ છે. રાઘાવાવ તેમજ ગઢડામાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની રથયાત્રા કે જલજિલાણી અગિયારસે તમામ જ્ઞાતિના લોકો તેમાં કોઈપણ જાતના ભેદભાવ વગર નિષ્ઠાપૂર્વક ભાગ લે છે. આ રીતે ગઢડામાં ધાર્મિકલોકો અને પ્રવાસીઓનું આકર્ષણ આહ્લાદક સ્થળ રહ્યું છે.

સંદર્ભગ્રંથ

૧. ગઢડા (સ્વા) તાલુકાની આંકડાકીય રૂપરેખા, પૃ.૧
૨. ગઢડા તાલુકા આપતી વ્યવસ્થાપન યોજના ગઢડા તાલુકો વર્ષ–૨૦૧૦, પૃ.૧૩
૩. પંડયા, રમેશભાઈ જી.''સ્વતંત્રતાનું સરવૈયું અને અન્ય લેખો'–૨૦૧૦, પૃ.૧૨૫
૪. ગઢડા તાલુકાની ટેલિફોન ડિરેકટરી, પૃ.નં.૨,૩
૫. છપૈયા પ્રકાશદાસજી ગઢપુર, ''અક્ષરધામ શ્રી ગઢપુર દર્શન'',પૃ.૧૪
૬. દવે, ત્રિવેદી, જય (સંપા.) 'ભાવનગર ક્ષેત્રની અસ્મિતા' ગ્રંથ–૪, સાહિત્ય દફતર,પૃ.૯
૭. જાની, એસ.વી. 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ' પ્રથમ આવૃત્તિ ઓકટોબર–૨૦૦૩, પૃ. ૪૧૨

૮. ખાચર, ભગુભાઈ મંગળુભાઈ, ‘‘શામળા સ્મરણમાળા’’, પૃ.૨,૪

૯.સરવૈયા, કાળુભાઈ જી,‘‘ગઢડા તાલુકો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં’’,લઘુશોધ નિબંધ, પૃ.૧૦૮

૧૦. શાહ, મનોજકુમાર દિલીપભાઈ, ‘કવિ’ અંક નં.૮, ડિસેમ્બર–૨૦૦૬, પૃ.૩૧

૧૧. શ્રી ત્રિવેદી ડિ.કો, ‘કમલપ્રભાવ’ વર્ષ–૨૦૧૦ પૃ.૪,૬ અને ૭

૧૨. સરવૈયા કાળુભાઈ જી,‘‘ગઢડા તાલુકો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં’’,લઘુશોધ નિબંધ, પૃ.૧૧૨, ૧૧૩

૧૩. જાની, એસ.વી. ‘સૌરાષ્ટ્રનો ઈતિહાસ’ પ્રથમ આવૃત્તિ ઓકટોબર–૨૦૦૩, પૃ.૪૩૨

૧૪. શુકલ રાજુ, ‘ગુજરાતી રંગભૂમિની સ્વર્ણિમ ક્ષણો માહિતી કમિશનર ગુજરાત રાજ્ય ગાંધીનગર, ૨૦૧૦, પૃ.૧૨૫

૧૫. જાની, એસ.વી. ‘સૌરાષ્ટ્રનો ઈતિહાસ’ પ્રથમ આવૃત્તિ ઓકટોબર–૨૦૦૩, પૃ.૪૩૫

૧૬.શુકલ રાજુ, ‘ગુજરાતી રંગભૂમિની સ્વર્ણિમ ક્ષણો માહિતી કમિશનર ગુજરાત રાજ્ય ગાંધીનગર, ૨૦૧૦, પૃ.૧૨૬

૧૭.સરવૈયા કાળુભાઈ જી,‘‘ગઢડા તાલુકો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં’’,લઘુશોધ નિબંધ, પૃ.૧૧૫, ૧૧૬

૧૮. સરવૈયા કાળુભાઈ જી,‘‘ગઢડા તાલુકો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં’’,લઘુશોધ નિબંધ, પૃ.૧૧૭